| | | | |
|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ : | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| નોંધ્યા તારીખ : | ૦૯/૦૩/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ : | ૨૪/૦૩/૨૦૨૬ | | |
| સમય : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૫ |

**નડીયાદના મહેરબાન ત્રીજા એડીશનલ સેશન્સ જજ અને સ્પે.પોક્સો જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામ– નડીયાદ.**

ફોજદારી પરચુ. અરજી નં. ૨૮૩/૨૦૨૬
આંક :

**અરજદાર :– પ્રવિણભાઈ ઉર્ફે ભેટો ભરતભાઈ નાનજીભાઈ વાઘેલા**
ઉ.વ.૩૨, ધંધો–મજુરી,
રહે. ભાથજીવાળુ ફળીયુ,
મુ. મહેમદાવાદ, તા. મહેમદાવાદ, જી. ખેડા.
(હાલ જ્યુડીશ્યલ કસ્ટડી)

**– વિરૂધ્ધ –**

**સામાવાળા :–ગુજરાત રાજ્ય સરકારશ્રી,**

**બાબત : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**
**(ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯ મુજબ રેગ્યુલર જમીન અરજી)**

.................................................................

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી આર. એમ. રાવલ
સરકાર તરફે વિધ્વાન પી.પી. શ્રી ડી. આર. બારોટ

.................................................................

**-:: હુકમ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુન્હા રજીસ્ટર નં.**૧૧૨૦૪૦૪૧૨૫૧ ૨૫૮/૨૦૨૫** બી.એન.એસ.ની કલમ ૭૮, ૩૫૧(૩) તથા પોકસો એકટની કલમ -૧૧(૪), ૧૨ મુજબના ગુન્હાના કામે તેઓની અટક થયેલ હોય અને ત્યારથી હાલના અરજદાર/ આરોપી જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ (ક્રિમી. પ્રોસીઝર કોડની કલમ-૪૩૯) અન્વયે જામીન મુકત થવા માટે હાલની અરજી અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની જામીન અરજી અન્વયે ફરિયાદપક્ષને નોટિસ કાઢતાં, ફરીયાદપક્ષ તરફે વિધ્વાન પી.પી.શ્રી હાજર થયેલા છે. આ કામે તપાસ કરનાર અમલદારશ્રીએ જામીન અરજી વિરૂધ્ધનું સોગંદનામુ રજૂ કરેલ છે, તે વંચાણે લીધેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી નાઓએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે અને તેઓ ઉપર ખોટા આક્ષેપ કરવામાં આવેલ છે અને ફરીયાદીએ આપેલ એફ.આઈ.આર.માં અરજદારનું નામ ધ્વેશભાવથી ખોટી રીતે જણાવેલ છે. અરજદારે ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી અને તેઓ ઉપર તદ્દન

ખોટાં આક્ષેપો કરવામાં આવેલ છે. પરંતુ આ કામના ફરીયાદીના પતિએ અરજદાર ઉપર જીવલેણ હુમલો કરેલ જેની ફરીયાદ અરજદારના પત્નીએ આ કામના મૂળ ફરીયાદીના પતિ વિરૂધ્ધ મહેમદાવાદ પો.સ્ટે.માં બી.એન.એસ.ની કલમ ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ ફરીયાદ તા.૩૦/૧૨/૨૦૨૫ ના રોજ આપેલ હોય, તેની રીસ રાખી દ્વેશભાવમાં આવી તેઓએ કરેલ કેસના કામે સમાધાન કરવા દબાણ લાવવાના હેતુસર ખોટી હકીકતો વાળી ફરીયાદ કરેલ છે. સદર કામની ફરીયાદ જોતા ગુન્હો બન્યા તા. ૨૧/૧ ૨/૨૦૨૫ ના રોજની છે અને ફરીયાદ તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ આપેલ છે. જેથી પણ સદર ફરીયાદ મનઘડત અને ઉપજાવી કાઢેલ છે. ફરીયાદ હકીકત જોતા પ્રથમદર્શનીય રીતે અરજદાર સામે આક્ષેપિત ગુનાને લગતી વ્યાખ્યા મુજબના કોઈ આવશ્યક તત્વો જણાઈ આવતા નથી અટલે કે પ્ર થમદર્શનીય રીતે અરજદાર સામે કોઈ ગુન્હો બનતો નથી. ફરીયાદના આક્ષેપો જોતા અરજદાર વિરૂધ્ધ ફાંસીની સજાને લાયક ગુન્હો નથી. અરજદાર/આરોપીએ અગાઉ કરેલ રેગ્યુલર જામીન અરજી નામંજુર થયેલ છે જે હુકમ સામે નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ ક્રિ.પ્રા.અ.નં.૭૯૮૪/૨૦૨૬ ચાર્જશીટ થતા વિથ્ડ્રો કરેલ છે. સદર કામે ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. કોર્ટમાં પોકસો કેસ નં. ૨૦/૨૦૨૬ થી ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે. જેથી વધુ તપાસના કામે અરજદારની જરૂરીયાત

રહેતી નથી. અરજદાર મજુરી કામ કરી તેઓના પરીવારનું જીવન ગુજરાન ચલાવે છે અને કુટુંબ કબીલાવાળા અને તેઓના કુટુંબના ભરણપોષણની જવાબદારી અરજદારના શીરે છે. અરજદાર/આરોપી મહેમદાવાદ તાલુકાના સ્થાનિક રહેવાસી હોય, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી, ટ્રાયલ દરમ્યાન અરજદારની હાજરી આસાનીથી ઉપલબ્ધ થઈ શકે તેમ હોય, આ સંજોગોમાં અરજદાર/ આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન મુકત કરવા રજુઆત કરેલી છે.

(૪) ઉપરોકત હકીકતો સામે સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન પી.પી.શ્રી હાજર થઈ અરજદાર/આરોપીની અરજીનો સખત વિરોધ કરતાં જણાવેલ છે કે, સદર કામની ફરીયાદ હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ પોતાનો જાતિય ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૪ વર્ષ, ૦૧ માસ, ૨૦ દિવસ નાનીને છેલ્લા પંદેરક દિવસથી અવારનવાર પીછો કરતા હોય તેમજ ભોગ બનનાર જોગણી માતાના મંદિરે દર્શન કરી બહાર બાકડા ઉપર રાહ જોઈ બેઠેલ હતી ત્યારે અરજદાર/આરોપી તેની સામે એકધારૂ જોઈ રહેલ હોય અને ત્યારબાદ ભોગ બનનાર તરફ એક ચીઠ્ઠી ફેકેલ, જે ચીઠ્ઠી ખોલી જતા મો.નં. ૯૫૫૮૫૨૭૯૧૧ નાનો લખેલ હતો ત્યારબાદ પ્રસંગોમાં ભેગા થાય તો એકીટસે સામુ જોતો હોય તે બાબતે અરજદાર/આરોપીને ફરીયાદી અને તેના પતિ

કમલભાઈએ ઠપકો આપતા તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરીયાદ છે. આ કામના અરજદાર/આરોપી ૩૨ વર્ષના પરણિત વ્યકિત છે, જયારે ભોગ બનનાર ૧૪ વર્ષ, ૦૧ માસ, ૨૦ દિવસની છે. અરજદાર/આરોપી જાણતા હતા કે ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં ભોગ બનનારનો અવારનવાર પીછો કરતા હતા અને પ્રસંગોમાં ભેગા થાય તો એકીટસે સામુ જોઈ રહેતા અને પોતાના મોબાઈલ નંબરની ચીઠ્ઠી બનાવી ભોગ બનનાર તરફ ફેકેલ છે. અરજદાર/આરોપીએ અગાઉ દાખલ કરેલ જામીન અરજી નામંજુર થયેલ છે તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ જામીન અરજી વિથ્ડ્રો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલા નથી. અરજદાર/આરોપી સામે પોકસો એકટ મુજબના ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. ભોગ બનનાર અને આરોપી એકજ ગામના છે, આ સંજોગોમાં હાલના અરજદાર/આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો ભોગ બનનાર સાથે ફરીથી આવુ કૃત્ય કરે તેમજ સાક્ષીઓને ફોડવાનો કે પુરાવાને તોડવાની કોશિષ કરે તેવી શકયતાને નકારી શકાય નહીં તેમજ ગુનાની ગંભીરતા તથા આરોપી સામેના આક્ષેપો નજર સમક્ષ રાખી, હાલના અરજદાર/આરોપીની જામીન મુકત થવા માટેની હાલની અરજી મંજુર થવા પાત્ર નથી તેમ ઠરાવી નામંજુર કરવા માટે ભારપૂર્વકની રજુઆતો કરેલી છે.

(૫) અરજદાર/આરોપીની જામીન અરજી અનુસંધાને પક્ષકારોના

વકીલોની દલીલો સાંભળી તેમજ અરજી સાથે સામેલ રાખેલ દસ્તાવેજો તેમજ તપાસ કરનાર અમલદારનું એફીડેવીટ વંચાણે લીધી. હાલના કામે ફરીયાદની હકીકત ધ્યાને લેતા અરજદાર/આરોપીએ પોતાનો જાતિય ઈરાદો પાર પાડવા સારૂ ફરીયાદીની સગીર વયની દિકરી ઉ.વ.૧૪ વર્ષ, ૦૧ માસ, ૨૦ દિવસ નાનીને છેલ્લા પંદેરક દિવસથી અવારનવાર પીછો કરતા હોય તેમજ ભોગ બનનાર જોગણી માતાના મંદિરે દર્શન કરી બહાર બાકડા ઉપર રાહ જોઈ બેઠેલ હતી ત્યારે અરજદાર/આરોપી તેની સામે એકધારૂ જોઈ રહેલ હોય અને ત્યારબાદ ભોગ બનનાર તરફ એક ચીઠ્ઠી ફેકેલ, જે ચીઠ્ઠી ખોલી જતા મો.નં. ૯૫૫૮૫૨૭૯૧૧ નાનો લખેલ હતો ત્યારબાદ પ્રસંગોમાં ભેગા થાય તો એકીટસે સામુ જોતો હોય તે બાબતે અરજદાર/આરોપીને ફરીયાદી અને તેના પતિ કમલભાઈએ ઠપકો આપતા તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરીયાદ છે. અરજદારના વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર તદન નિર્દોષ છે. અરજદાર / આરોપી વિરૂધ્ધ આક્ષેપીત ગુન્હાનો કોઈ પ્રથમદર્શનીય કેસ ફલિત થતો નથી. સદર કામની ફરીયાદ જોતા ગુન્હો બન્યા તા. ૨૧/૧૨/૨૦૨૫ ના રોજની છે અને ફરીયાદ તા.૩૧/૧ ૨/૨૦૨૫ ના રોજ આપેલ છે. અરજદાર મહેમદાવાદ તાલુકાના સ્થાનિક રહેવાસી હોય, કયાંય નાસી ભાગી જાય તેવા નથી, ત.ક.અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી નામ. પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી દીધેલ છે જેથી વધુ

તપાસના કામે અરજદાર/આરોપીની જરૂરીયાત રહેતી ના હોય જે તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે પરંતુ સરકારી વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, પોલીસ પેપર્સ ધ્યાને લેતા આરોપી ૩૨ વર્ષની ઉંમર ના પરણીત વ્યકિત છે, જયારે ભોગ બનનાર ૧૪ વર્ષ ૦૧ માસ ૨૦ દિવસની છે. અરજદાર/આરોપી જાણતા હતા કે ભોગ બનનાર સગીર વયની છે તેમ છતાં ભોગ બનનારનો અવારનવાર પીછો કરતા હતા અને પ્રસંગોમાં ભેગા થાય તો એકીટસે સામુ જોઈ રહેતા અને પોતાના મોબાઈલ નંબરની ચીઠ્ઠી બનાવી ભોગ બનનાર તરફ ફેંકેલ છે. જે બાબતે ફરીયાદીએ ઠપકો આપતા ફરીયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ છે. અરજદાર/આરોપીએ અગાઉ દાખલ કરેલ જામીન અરજી ગુણદોષ ઉપર નામંજુર થયેલ છે અને નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ જામીન અરજી વિડ્રો કરેલ છે. ચાર્જશીટ બાદ કોઈ સંજોગો બદલાયેલ હોય, તેવી હકીકત અરજદારના વિ.વ.શ્રી રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. અરજદાર/આરોપી સામે પોકસો એકટ મુજબના ગંભીર ગુન્હાનો આક્ષેપ છે. ભોગ બનનાર અને અરજદાર/આરોપી એક જ ગામના છે. આ સંજોગોમાં હાલના અરજદાર/ આરોપીને જો જામીન મુકત કરવામાં આવશે તો ભોગ બનનાર સાથે ફરીથી આવુ કૃત્ય કરે તેમજ સાક્ષીઓને ફોડવાનો કે પુરાવાને તોડવાની કોશિષ કરે તેવી શકયતાને નકારી શકાય નહીં તેવી દલીલમાં તથ્ય હોવાનું જણાય આવે છે. આમ, ઉપરોકત તમામ

હકીકતો, આક્ષેપીત ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઈ, અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેતા અરજદારની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત જણાતુ ના હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

(૧) આ કામના અરજદાર/આરોપી **પ્રવિણભાઈ ઉર્ફે ભેટો ભરતભાઈ નાનજીભાઈ વાઘેલા** નાઓની ફોજ.પરચુરણ અરજી નં. **૨૮૩ /૨૦૨૬** આથી **નામંજુર યાને કે રદ્દ** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ: **૨૪મી** માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ મારી સહીં કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

નડીયાદ.
તા. ૨૪/૦૩/૨૦૨૬

**(પ્રકાશકુમાર પી.પુરોહિત )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ અને
સ્પે. પોકસો જજ, ખેડા-એટ-નડીયાદ.
(જ્યુડી. કોડ નં. જીજે.૦૦૬૮૫)